| | | | |
|---|---|---|---|
| | સત્યમેવ જયતે | પ્રાપ્તિ તારીખઃ<br>નોંધ્યા તારીખઃ<br>નિર્ણિત તારીખઃ<br>અવધિઃ | ૧૪/૧૦/૨૦૨૨<br>૧૪/૧૦/૨૦૨૨<br>૨૧/૦૧/૨૦૨૩<br>વર્ષ માસ દીવસ<br>૦૦ ૦૩ ૦૯ |

## ગોંડલના મહે.૧૨માં એડીશ્નલ સેશન્સ જજ ની અદાલતમાં. મુ.ગોંડલ.

**ફોજદારી રીવીઝન નંબર ૪૫/૨૦૨૨**

**આંકઃ–૩**

**ખીમજીભાઇ પેથાભાઇ સરવૈયા**
રહે.કમરકોટડા,તા.ગોંડલ.જી.રાજકોટ. ............................**અરજદાર**

**વિરૂઘ્ઘ**

**શ્રી સ ર કા ર**
થ્રુ.એ.પી.પી.શ્રી.ગોંડલ. ..........................**સામાવાળા**

**બાબતઃ– <u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૯૭ અન્વયે.</u>**

**એડવોકેટસઃ– અરજદાર તરફે જાતે**
**<u>સામાવાળા તરફે વિઘ્વાન એડી.પી.પી.શ્રી.જે.ડી.ચાવડા</u>**

## // ચુ કા દો //

**(૧)** અરજદારે હાલની અરજી મહે.એડી.ચીફ જયુડી.મેજી.શ્રી ગોંડલની અદાલતના ફોજદારી કેસ નંબર ૩૩૬૪/૨૦૨૧ ના કામે તા.૨૯.૮.૨૦૨૨ ના રોજ આંક–૦૮ તથા આંક–૧૧ ની અરજી અન્વયે કરેલ હુકમ સામે હાલની રીવીઝન અરજી દાખલ

કરેલ છે.

(૨) આ રીવીઝન અરજીની મુખ્યત્વે ટુંકમાં હકીકત એવી છે કે,

અરજદારની હાલની અરજીની વિગત જોતા તા.૨૯.૮.૨૦૨૨ ના રોજ હાલના અરજદાર,આરોપી તરીકે હાજર હતા અને બચાવ માટે દસ્તાવેજોની નકલો માંગતી અરજી આપેલી જે અરજી સ્વીકારેલ નહી અને ફરીયાદીની સરતપાસ લીધેલ અને તે પુરી થતા ઉલટતપાસ કરવા હુકમ કરેલ જેથી હાલના અરજદારે બચાવ માટેના દસ્તાવેજોની માંગણી કરતી અરજી આપીએ છીએ તે સ્વીકારી તેના પર હુકમ કરવા વિનંતી કરેલી જે અરજી નામંજુર કરેલી જેથી તે હુકમને રીવીઝનમાં પડકારવા માટેની રજુઆત કરવા મુદત આપવા માટે અરજી આપેલ તે અરજી પણ નામંજુર કરેલ અને ઉલટતપાસનો હકક બંધ કરેલ છે.દસ્તાવેજો આપવાની અરજી પ્રથમ મોકુફ રાખવી તેવો હુકમ કરેલ ત્યારબાદ અંગ્રેજીમાં હુકમ કરી અરજી રદ કરેલી છે જે હુકમો અન્યાયી,કાયદા વિરૂધ્ધના અને ન્યાયીક કાર્યવાહીને સુસંગત ન હોય હાલની રીવીઝન અરજીમાં માંગેલ દસ્તાવેજોમાં અરજદારનો બચાવ છુપાયેલો છે અને જજો એ સત્ય શોધી કાઢવુ જોઇએ તેવુ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં જણાવેલુ છે તથા સરતપાસમાં આરોપી ઉલટ તપાસ લેવા માંગતા ન હોય ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવે છે આ શબ્દો જુબાનીમાંથી હટાવી ઉલટતપાસ દસ્તાવેજોની નકલો મળ્યા પછી શરૂ કરવા અને તે તક દસ્તાવેજો માંગતી અરજી મંજુર કરવા માંગણી કરેલ છે.

(૩) સદરહું અરજીના અનુસંધાને આ કામના સામાવાળાને નોટીસ કરતા શ્રી સરકાર તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી જે.ડી.ચાવડા હાજર થયેલ છે.

(૪) અરજદારે અરજી સાથે આંક–૩ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે તથા

નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા રજુ કરેલ છે.

(૫) અરજદાર તરફે રૂબરૂ રજુઆત તેઓએ કરેલ છે જે જોતા દસ્તાવેજો માંગતી અરજી અરજદાર માટે જરૂરી હોય તેમ છતાં તે દસ્તાવેજો પુરા પાડેલા નથી.સી.આર.પી.સી.ની કલમ-૯૧ હેઠળ નામદાર અદાલતને સત્તા છે તથા રજુ કરેલા ચુકાદાઓ જોતા પણ આવા દસ્તાવેજો રજુ કરાવવા જોઇએ જેથી હાલની રીવીઝન અરજી મંજુર કરવા અને અરજીમાં માંગ્યા મુજબની દાદ અપાવવા રજુઆત કરેલ છે.

(૬) સામાવાળા તરફે વિધ્વાન એડી.પી.પી.શ્રી જે.ડી.ચાવડાની રજુઆત જોતા ઉલટતપાસના તબકકે આંક-૧૧ વાળી અરજી આપેલી જે અરજી નામદાર અદાલતે પ્રિમિચ્યોર ગણી રદ કરેલ છે જે હુકમ યોગ્ય છે અને ઉલટતપાસ ન લેતા સાક્ષીની ઉલટતપાસનો હકક બંધ થયેલ છે જે બન્ને હુકમમાં કોઇ ભુલભરેલુ જણાંતુ નથી જેથી રીવીજન અરજી રદ કરવાની માંગણી કરેલ છે.

(૭) આમ સદરહું રીવીઝન અરજીના અનુસંધાને અરજદાર તથા સામાવાળા તરફે વિધ્વાન એડી.પી.પી.શ્રીની મૌખિક દલીલ સાંભળી.અરજી તથા આ કામે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને તથા વંચાણે લેતા સદરહું રીવીજન અરજીના અનુસંધાને મારા મતે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું મહે.એડી.ચીફ જયુડી.મેજી.શ્રી ગોંડલનાઓએ ફોજદારી કેસ નંબર ૩૩૬૪/૨૧ ના કામે આંક-૮ ની જુબાનીમાં ઉલટતપાસનો હકક બંધ કરેલ તથા આંક-૧૧ ની અરજી તા.૨૯.૮.૨૦૨૨ ના રોજ નામંજુર કરેલ છે તે પરવર્સ અને આર્બેટરી છે અને તેમાં હસ્તક્ષેપ કરવા માટે પુરતુ કારણ છે?

(૨) શું હુકમ?

(૮) ઊપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) અંશતઃ હ કા ર માં.
(૨) આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

**મુદા નં.૧**

(૯) આ કામે હાલની આ રીવીઝન અરજી તથા રજુ થયેલ દસ્તાવેજો તથા બન્ને પક્ષોની રજુઆત સાંભળી.અરજદાર તરફે હાલના કામે આંક–૦૮ અને આંક–૧૧ ના કામે તા.૨૯.૮.૨૦૨૨ ના હુકમ સામે હાલની રીવીજન અરજી કરેલ છે. આંક–૧૧ ની અરજીની ખરીનકલ હાલના કામે રજુ કરેલ છે તે જોવામાં આવે તો જુબાનીમાં કુલ ૧૮ દસ્તાવેજોની માંગણી કરેલ છે તે દસ્તાવેજો શા કારણસર જરૂરી છે તેવી કોઇ સ્પષ્ટતા અરજીમાં જણાતી નથી માત્ર બચાવ માટે જરૂરી છે તેટલી જ હકીકત જણાવેલી છે.વળી અરજીમાં અમુક દસ્તાવેજોનો હુકમ થયેલ છે તેવુ તેમણે જ જણાવેલ છે જે હુકમ થયેલ હોવા છતાં રીપીટલી આ અરજીમાં પણ માંગણી કરેલ છે. અરજદાર દ્વારા વધુમાં આ અરજી જયારે સાક્ષી હાજર હોય અને તેની સરતપાસ લેવામાં આવેલ હોય તેવા તબકકે આપેલી છે ત્યારે સ્પષ્ટ છે કે,હાજર સાક્ષીની ઉલટતપાસ કરવી જોઇએ ત્યારે તેવા તબકકે હાલના દસ્તાવેજો મળવા માટેની અરજી રજુ કરેલ છે.નામદાર ટ્રાયલ કોર્ટે તેઓના હુકમમાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ હેઠળ તે તબકકે જરૂરી દસ્તાવેજોની માંગણી તથા પુરાવો રજુ કરવાની તક રહેલી છે અને હાલમાં પ્રિમિચ્યોર હોવાનું જણાવેલ છે.હુકમ જોતા તે હકીકત સ્પષ્ટ છે કે,તે કામે જેટલા દસ્તાવેજો રજુ થયા છે તે દસ્તાવેજોની નકલો અરજદારને આપવામાં આવેલ છે,જે હુકમ જોતા તેમાં કોઇ ભુલ જણાતી નથી અને ઉલટતપાસના તબકકે આવી રજુઆત અરજદારની યોગ્ય જણાતી નથી.

(૧૦) અરજદાર તરફે <u>2012 (4) **Civil lj 494–SC.–Maria Margarida Sequeira Fernandes v/s. Erasmo jack De Sequeira (dead), through LRs**.</u> ના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે જે ચુકાદો સીવીલ પ્રોસીઝર કોડને અંતગર્ત હોય હાલના કેસમાં અલગ વિગત હોય અરજદારને કોઇપણ રીતે મદદરૂપ થતો નથી. જયારે **<u>ક્રિમીનલ અપીલ નં.૨૧૧૪/૨૦૧૭</u>** નો ચુકાદો જોતા પણ તેમાં જણાવેલી કેસની હકીકત હાલના કેસની હકીકતોથી અલગ છે તથા ચાર્જના તબકકાની હકીકતો જણાવેલી છે જેથી તે ચુકાદો પણ અરજદારને મદદરૂપ થતો નથી.અરજદાર તરફે વધુમાં <u>**2006 CriLJ** 2151</u> ના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે ઉપરોકત ચુકાદામાં પણ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૯૧ ની હકીકતની વિસ્તૃત ચર્ચા કરેલ છે પંરતુ તે કેસની હકીકત તથા માંગ્યા મુજબના દસ્તાવેજો હાલના કેસની હકીકતોથી વિરૂધ્ધ છે જેથી ઉપરોકત ચુકાદો અરજદારને મદદરૂપ થતો નહી હોવાનું જણાંય છે.જે સંજોગોમાં આંક–૧૧ ની અરજી હેઠળ જે હુકમ કરેલ છે તેમાં કોઇપણ રીતે આર્બેટરી કે પરવર્સ જણાતો નથી.

(૧૧) જયારે આંક–૦૮ ની અરજી અંગે જોવામાં આવે તો,આરોપી ઉલટતપાસ લેવા માંગતા નથી તેથી ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવે છે તેવુ જણાવેલ છે.જયારે આરોપી એટલે કે હાલના અરજદારની રજુઆત જોતા અરજીમાં માંગણી કર્યા મુજબના દસ્તાવેજો આપ્યેથી ઉલટતપાસ કરવાની હકીકતો જણાવેલી છે અરજદારની તે રજુઆત યોગ્ય જણાતી નથી તેમ છતાં અરજદાર તેઓનો બચાવ નામદાર ટ્રાયલ કોર્ટમાં તેઓ જાતે કરતા હોય અને તેઓ પોતાનો કેસ સારી રીતે પ્રસ્તૃત કરી શકે તે માટે તક આપવી જોઇએ તે હકીકત ધ્યાને લેતા આંક–૦૮ ના સાહેદની ઉલટતપાસનો હકક રી ઓપન કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ જણાંય

છે.વળી અરજદારે પણ નામદાર ટ્રાયલ કોર્ટમાં જે તે તારીખે આ સાક્ષી મુદતે હાજર રહે ત્યારે તે સાક્ષીની ઉલટતપાસ કરવાની રહેશે અને બીન જરૂરી મુદતની માંગણી કરવી નહી તેવી હકીકત સાથે હકક ખોલવો યોગ્ય જણાતુ હોય જેથી મુદા નં.૧ નો નિર્ણય અંશતઃહકારમાં આપી,મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧) અરજદારની હાલની રીવીઝન અરજી **અંશતઃ મંજુર** કરવામાં આવે છે.

(૨) મહે.એડી.ચીફ જયુડી.મેજી.શ્રી ગોંડલનાઓએ ફોજદારી કેસ નંબર ૩૩૬૪/૨૧ ના કામે આંક–૧૧ ની અરજી લગત તા.૨૯.૮.૨૨ ના રોજ કરેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

જયારે મહે.એડી.ચીફ જયુડી.મેજી.શ્રી ગોંડલનાઓએ ફોજદારી કેસ નં.૩૩૬૪/૨૧ ના કામે આંક–૦૮ ની જુબાનીમાં તા.૨૯.૮.૨૨ ના રોજ આરોપી ઉલટતપાસ લેવા માંગતા ન હોય ઉલટતપાસનો હક બંધ કરવાનો જે હુકમ કરેલ છે તે હુકમ મોડી ફાય કરી હાલના અરજદાર આરોપીનો ઉલટતપાસનો હકક ખોલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદરહું હુકમની જાણ સંબંધીત અદાલતને યાદીથી કરવી.

હુકમ આજે તા. **૨૧મી,** માહે– **જાન્યુઆરી** સને–**૨૦૨૩** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૨૧.૦૧.૨૦૨૩
સ્થળ : ગોંડલ.

**( વિરલ હેમરાજભાઈ પટેલ)**
૧૨ માં એડીશ્નલ સેશન્સ જજ,
ગોંડલ
કોડ નં. જીજે.૦૦૭૩૬